ક્રમાંક: રાચઆ—ચટણ—સમક—નપા—ચાણસ્મા—૦૮૨૦૧૭

રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩-૦૮-૨૦૧૭

પ્રતિ,
જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને
કલેકટરશ્રી, પાટણ જિલ્લો,
મુ.પાટણ

**વિષય :—** **સને—૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ચાણસ્મા નગરપાલિકાની વોર્ડની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેનો પ્રથમિક આદેશ પ્રસિદ્ધ કરવા બાબત**

શ્રીમાન,

ઉપરોકત વિષય અંગે આપના જિલ્લાની **ચાણસ્મા** નગરપાલિકાના વોર્ડની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેના આયોગના **પ્રાથમિક** આદેશોની ૧૦ પ્રતો આ સાથે સામેલ છે. જે **તા. ૨૮-૦૮-૨૦૧૭** ના રોજ આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા જાહેર સ્થળોએ તથા સંબંધિત નગરપાલિકાઓના દરેક જાહેર સ્થળોએ બહોળી પ્રસિદ્ધિ કરાવવા અને તે અંગેના અહેવાલ રાજ્ય ચૂંટણી આયોગને તુરત મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

( મહેશ જોશી )
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ

**નકલ રવાના :—**
ચીફ ઓફિસરશ્રી, **ચાણસ્મા** નગરપાલિકા, ચાણસ્મા, **જિ.પાટણ**
**પ્રાથમિક** આદેશની ૨૦ પ્રતો આ સાથે સામેલ છે જે આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર તથા દરેક વોર્ડમાં તથા જાહેર સ્થળોએ બહોળી પ્રસિદ્ધિ કરાવવા અને તેનો પ્રસિદ્ધિ અહેવાલ રાજ્ય ચૂંટણી આયોગને તુરત જ મોકલવા સૂચના સહ.

**નકલ સવિનય રવાના :— (આદેશની નકલ સાથે જાણ સારૂ)**
૧. અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
૪. નિયામકશ્રી, માહિતી ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
જરૂરી પ્રેસનોટ સાથે બહોળી પ્રસિદ્ધિ અપાય તેવી વ્યવસ્થા થવા વિનંતી સહ

૫. વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર તરફ. આ આદેશ અસાધારણ સરકારી રાજયપત્ર ભાગ–૪(સી)માં તા.૨૯-૦૮–૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરવા અને તેનો ગેઝેટની ૨૦ પ્રતો રાજ્ય ચૂંટણી આયોગના કાર્યાલયને મોકલવા તથા જિલ્લા મ્યુનિસિપલ અધિકારી અને કલેકટરશ્રી, **પાટણ** તથા ચીફ ઓફિસરશ્રી, **ચાણસ્મા** નગરપાલિકા ૫ પ્રતો બારોબાર મોકલી આપવા વિનંતી સહ

૬. સીલેકટ ફાઈલ

૭. કચેરીના નોટીસ બોર્ડ ઉપર

**નકલ જયભારત સાથે રવાના: (આદેશની નકલ સાથે)**

૧. પ્રદેશ પ્રમુખશ્રી,
ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ, "શ્રી કમલમ્" પ્રેક્ષા વિશ્વ ભારતી સામે, કોબા સર્કલ,
ગાંધીનગર–કોબા રોડ, ગાંધીનગર–૩૮૨૦૦૭

૨. પ્રદેશ પ્રમુખશ્રી,
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, "રાજીવ ગાંધી ભવન",
સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬.

૩. પ્રદેશ પ્રમુખશ્રી,
ગુજરાત બહુજન સમાજ પાર્ટી, ગુજરાત પ્રદેશ, ૩ જો માળ, ૩૧ બેરોનેટ કોમ્પ્લેક્ષ,
સાબરમતી પોલીસ સ્ટેશન સામે, સાબરમતી,અમદાવાદ

૪. પ્રદેશ પ્રમુખશ્રી,
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ, ૧, મંગલમૂર્તિ કોમ્પ્લેક્ષ, સીટી ગોલ્ડ સીનેમાની સામે, આશ્રમ રોડ,
અમદાવાદ–૩૮૦૦૦૯.

૫. સચિવશ્રી,
ભારતીય સામ્યવાદી પક્ષ, ૨૩૪, ઈલોરા કોમર્શિયલ સેન્ટર, બીજો માળ, જી.પી.ઓ. સામે,
સલાપસ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧.

૬. રાજ્ય મંત્રીશ્રી, ગુજસ્તત પ્રદેશ,
ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસવાદી), ગુજરાત રાજય સમિતિ, રાયખડ ચાર રસ્તા,
પ્રાર્થના સમાજ, અમદાવાદ–૩૮૦૦૦૧

૭. પ્રદેશ પ્રમુખશ્રી, ગુજરાત પ્રદેશ, સમાજવાદી પાર્ટી, ઠે. ૪, સપના કોમ્પ્લેક્ષ,
સ્વામિનારાયણ મંદિર સામે, હરણી રોડ, વડોદરા

૮. પ્રમખશ્રી, જનતાદળ (યુનાઈટેડ), મુ. માલજીપુરા, પો.ધારોલી, તા.ઝગડીયા, જિ.ભરૂચ
પીન–૩૯૩૧૧૦

રાજ્ય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૩-૦૮-૨૦૧૭

ક્રમાંક : રાચઆ-ચટણ-સમક-નપા-ચાણસ્મા-યુનિટ-૧-૦૮૨૦૧૭

**ચાણસ્મા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :**

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ ની પેટા કલમ-૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ ની પેટા કલમ-૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ-૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી-૧૭૩-ઓફ ૨૦૧૭-એનપીએલ-૪૫૨૦૧૬/૩૩૦૭-એમ., તા.૧૯-૬-૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **ચાણસ્મા** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **ચાણસ્મા** નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની **કુલ-૨૪** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૪૯-૧૯૯૪-એનએમપી-૪૫૯૩-૩૬૫૫-એમ, તા.૧૬-૩-૧૯૯૪ અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને-૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને-૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની **કુલ વસતિ ૧૫૯૩૨** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૨૬૫૫** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ-૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ-૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧-૧૨-૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠક પૈકી **૧** બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૬ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત જાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૨૪૩૮ | ૯૭૫ | ૩૯.૯૯ |
| ૨ | ૨ | ૨૬૮૫ | ૫૯૭ | ૨૨.૨૩ |
| ૩ | ૧ | ૨૫૫૭ | ૧૪૨ | ૫.૫૫ |
| ૪ | ૪ | ૨૮૮૯ | ૧૮ | ૦.૬૨ |
| ૫ | ૫ | ૨૭૬૩ | ૦ | ૦.૦૦ |
| ૬ | ૬ | ૨૬૦૦ | ૦ | ૦.૦૦ |
| | કુલ | ૧૫૯૩૨ | ૧૭૩૨ | -- |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ **નં.૩,૨** અને **૧** માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ **નં.૨** માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ **નં.૩,૨** અને **૧** માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૩ | **અનુસૂચિત જાતિ** |
| ૨ | ૨ | **અનુસૂચિત જાતિ સ્ત્રી** |
| ૩ | ૧ | **અનુસૂચિત જાતિ** |

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **કોઈપણ** બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨૫૫૭ | ૪૬ | ૧.૮૦ |
| ૨ | ૨ | ૨૬૮૫ | ૨૪ | ૧.૨૭ |
| ૩ | ૪ | ૨૮૮૯ | ૨૩ | ૦.૮૦ |
| ૪ | ૩ | ૨૪૩૮ | ૯ | ૦.૩૭ |
| ૫ | ૫ | ૨૭૬૩ | ૯ | ૦.૩૩ |
| ૬ | ૬ | ૨૬૦૦ | ૪ | ૦.૧૫ |
| | કુલ | ૧૫૯૩૨ | ૧૧૫ | -- |

૧૭. જાહેરનામા અન્વયે **૨** બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી **૧** બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **૨** બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને **૨** બેઠકો પૈકી **૧** પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

**ચાણસ્મા** નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | પછાતવર્ગની વસતિ (અંદાજિત) | વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૨૬૮૫ | ૧૭૦૨ | ૬૩.૩૯ |
| ૨ | ૩ | ૨૪૩૮ | ૮૦૧ | ૩૨.૮૫ |
| ૩ | ૪ | ૨૮૮૯ | ૮૦૭ | ૩૨.૪૨ |
| ૪ | ૧ | ૨૫૫૭ | ૮૦૫ | ૩૧.૪૮ |
| ૫ | ૫ | ૨૭૬૩ | ૭૭૦ | ૨૭.૮૭ |
| ૬ | ૬ | ૨૬૦૦ | ૬૦૬ | ૨૩.૩૦ |
| | કુલ | ૧૫૯૩૨ | ૫૪૯૧ | -- |

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૨ અને ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૨ માં પછાતવર્ગની અને વોર્ડ નં.૩ માં પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૨ | પછાતવર્ગ |
| ૨ | ૩ | પછાતવર્ગ સ્ત્રી |

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **ચાણસ્મા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજ્ય ચૂંટણી આયોગ **ચાણસ્મા** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

# અનુસૂચિ-૧

## ચાણસ્મા નગરપાલિકા, જિલ્લો પાટણ

વોર્ડ નં.૧

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૨૯ | ૧૯ | ૨૯ | ૬૦૨ | ૦૦૧ થી ૧૪૮ | શાંતિનગર સોસાયટી, ગુરૂકુલ સોસાયટી, સરદારનગર સોસાયટી, આજુબાજુનો વિસ્તાર, લક્ષ્મીનારાયણ સોસાયટી, રૂપેશ્વર, દેવિપૂજકવાસ |
| | ૩૦ | ૫ | ૧૭ | ૩૧૭ | ૦૦૧ થી ૧૦૩ | રામકૃષ્ણ સોસાયટી, શિવમ બંગલોઝ, આજુબાજુના મકાનો, કલાલની ચાલી, મોટો દેવિપૂજકવાસ, કે.સી.કોમ્પ્લેક્ષની આજુબાજુનો વિસ્તાર |
| | ૩૫ | ૧૧૮ | ૦ | ૭૫૧ | ૦૦૧ થી ૨૧૯ | વણઝારાવાસ, શ્રીમાળીવાસ, નાનો વાલ્મિકીવાસ, દુર્ગા શોપીંગ, સુરાણીની વાડી, આજુબાજુની દુકાનો, ખોડિયાલ સોસાયટી, ગણેશપાર્ક, એસ.ટી.ડેપોની દુકાનો, ભાગ્યોદય સોસાયટી, ઉમિયા સોસાયટી તથા મામલતદાર કચેરી, હારીજ રોડ ઉપરની દુકાનો, શક્તિ કોમ્પ્લેક્ષ, ઉમિયાનગરની પાછળ દેવિપૂજકવાસ, ઉમિયાનગર હાઇવે |
| | ૩૬ | ૦ | ૦ | ૫૩૫ | ૦૦૧ થી ૧૯૭ | અંબેશ્વર કોમ્પ્લેક્ષ, લાટી, જી.ઇ.બી.ઓફિસ, પ્રભુકૃપા સોસાયટી, શિવા મિસ્ત્રીનો બોર, ગાયત્રી સોસાયટી, ગાયત્રી મંદિર તથા સચિદાનંદ આશ્રમ, વહાણવટી સોસાયટી, પાટણ રોડ ઉપરની દુકાનો, સી.ટી.પ્લાઝા કોમ્પ્લેક્ષ તથા રસ્તા ઉપરના દેવિપૂજકના મકાનો |

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૩૬ | ૦ | ૦ | ૫૩૫ | ૦૦૧ થી ૧૯૭ | કોચરીયું, દેવીપૂજકવાસ, મહેસાણા રોડ ઉપર ત્રિરંગા હોટલ, અમર આર્કેડ, સહકારી મંડળી, આવકાર હોટલ, બસ સ્ટેશન સામે તથા પાંજરાપોળ રસ્તાની દુકાનો, સ્નેહલ સોસાયટી, નાગેશ્વર પાર્ક, નાગેશ્વર પાર્ક બહાર તથા સામેની દુકાનો, પી.પી.પટેલ પાર્ક તથા LI.C, પોલીસ સ્ટેશન આજુબાજુની દુકાનો |
| | ૪૧ | ૦ | ૦ | ૩૫૨ | ૦૦૧ થી ૧૨૩ | ત્રિભોવનનગર તથા બહારની દુકાનો, સાઈધામ સોસાયટી તથા બહારની દુકાનો, જી.આઈ.ડી.સી |
| | | ૧૪૨ | ૪૬ | ૨૫૫૭ | | |

**વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :**

ચાણસ્મા નગરપાલિકાના વોર્ડ નંબર-૧ ના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં.૬૩૫ના ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નંબર.૫૧૦/૨૨ના ઉત્તર પૂર્વ તરફ આગળ વધી રે.સ.નં.૫૧૦/૧૭, રે.સ.નં.૫૧૦/૧૩, રે.સ.નંબર-૫૧૦/૮, ૫૧૦/૦૫થી પૂર્વ તરફ જતાં રે.સ.નં.૫૦૮/૨, ૫૦૪, ૫૦૧, રે.સ.નં.૪૩૨ ના પૂર્વ ખૂણેથી ઉત્તરે રે.સ.નં.૩૩૯ના રે.સ.નં-૩૭૫ના પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં-૩૭૩ થી ચાણસ્મા પાટણ હાઇવે ક્રોસ કરી દક્ષિણ તરફ સચ્ચિદાનંદ આશ્રમ થઈ વહાણવટી સોસાયટીથી રે.સ.નંબર-૩૮૩ થી દક્ષિણ તરફ નાગેશ્વર પાર્ક, રે.સ.નંબર-૩૯૬, જતાં રે.સ.નંબર-૪૧૧, શિવમ કોમ્પ્લેક્ષ થઈ પોલીસ સ્ટેશનથી દક્ષિણ તરફ આગળ વધી નૈઋત્ય ખૂણા તરફ પી.પી.પટેલ હાઈસ્કૂલ થઈ, શિશુ બાલમંદિરથી રે.સ.નં.૧૨૦૯, રે.સ.નં-૧૧૮૩, રે.સ.નં-૧૧૨૩, રે.સ..નં-૧૧૧૧ થી આગળ વધી મહેસાણા હારીજ રોડ ક્રોસ કરી રે.સ.નં.૧૦૪૬થી ઉત્તર તરફ આગળ વધતાં રે.સ.નં.૧૦૩૯, રે.સ.નં.૯૬૯, રે.સ.નં-૯૨૦થી ઈશાન ખૂણા તરફ રે.સ.નં.૬૪૯ થઈ રે.સ.નં.૬૩૫ સુધી સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

ચાણસ્મા નગરપાલિકા, જિલ્લો પાટણ

વોર્ડ નં.૨

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | ૨૫ | ૦ | ૦ | ૩૨૮ | ૦૦૧ થી ૧૬૯ | ઓડિયાવાસ, રસ્તા ઉપરના મકાનો, દુકાનો, ધનાભારથીનો મઠ, દરવાજા અંદર બહારની દુકાનો તથા ઘાંચીવાસ, દુકાનો, કુંભારવાસ |
| | ૩૮ | ૦ | ૦ | ૭૪૫ | ૦૦૧ થી ૧૯૫ | ઇન્દિરાનગર |
| | ૩૯ | ૫૭૦ | ૦ | ૭૨૮ | ૦૦૧ થી ૧૯૪ | ઇન્દિરાનગર |
| | ૪૦/૧ | ૨૭ | ૩૪ | ૪૮૦ | ૦૦૧ થી ૧૦૦ | ઇન્દિરાનગર |
| | ૪૦/૨ | ૦ | ૦ | ૪૦૪ | ૦૦૧ થી ૧૮૯ | ઇન્દિરાનગર |
| | | ૫૯૭ | ૩૪ | ૨૬૮૫ | | |

**વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :**

ચાણસ્મા નગરપાલિકાના વોર્ડ નંબર-૨ ના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં.૩૬૯ પૂર્વ તરફ આગળ વધી રે.સ.નંબર-૩૬૧,૩૬૦,૩૦૬, રે.સ.નં-303 ના પશ્ચિમથી પૂર્વ તરફ આગળ વધી રે.સ.નં-૨૮૦થી આગળ જતાં સરદારપુરા જતાં રોડ ક્રોસ કરી દક્ષિણ તરફ સરદારપુરા તરફ જતાં રસ્તેથી નૈઋત્ય તરફ રસ્તે રસ્તે થઈ રાધનપુર –મહેસાણા હાઇવે ક્રોસ કરી રે.સ.નં-૧૧ થી આગળ વધી નર્મદા વસાહતના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ વધી ગામ તળાવની પાળે પાળે આગળ વધી ઘાંચીવાસ થઈ વાયવ્ય ખૂણેથી આગળ વધી લાલેશ્વર મહાદેવ રે.સ.નં-૪ થી ઈશાન ખૂણેથી ઉત્તર તરફથી આગળ વધી રે.સ.નં-૬૦૬/૨ થી આગળ વધી રે.સ.નં-૩૯૭/૧ થી ઉત્તર તરફ આગળ વધી રાધનપુર મહેસાણા હાઇવે રોડ ક્રોસ કરી રે.સ.નં-૩૯૯થી ઉત્તર તરફ આગળ વધી કાચા નેળિયાથી વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં-૩૬૯ સુધી સમાવિષ્ટ થયેલ તમામ વિસ્તાર.

# ચાણસ્મા નગરપાલિકા, જિલ્લો પાટણ

વોર્ડ નં.3

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| 3 | ૧ | ૦ | ૦ | ૪૨ | ૦૦૧ થી ૧૧૩ | બજાર, લવારવાડો |
| | ૨ | ૦ | ૦ | ૧૪૮ | ૦૦૧ થી ૯૧ | જૂનો સુથારવાડો |
| | ૩ | ૦ | ૦ | ૧૭૬ | ૦૦૧ થી ૧૨૫ | નાયીવાસ, ભેંસાતવાડો, વેરાઈમાતાનો માઢ, બજાર |
| | ૪ | ૦ | ૦ | ૨૭૫ | ૦૦૧ થી ૧૧૯ | બજાર રોડ, મોચીકુવા સામે, કુંભારવાસ, મોલાતવાડો |
| | ૫ | ૧૪૮ | ૦ | ૪૨૩ | ૦૦૧ થી ૧૪૯ | બુઢીયાવાસ, મોરારદાસની વાડીની બાજુમાં, ભરથીયાવાસ, મોટો વણકરવાસ, સિકોતર માતાના મંદિરવાળો માઢ |
| | ૬ | ૩૧૭ | ૯ | ૪૪૨ | ૦૦૧ થી ૧૪૯ | નાનો વણકરવાસ, તુરીવાસ, સધીમાતાનું મંદિર, નર્મદાવસાહત પાછળનો ભાગ, ઉગમણા દરવાજા બહાર |
| | ૭ | ૫૦૬ | ૦ | ૫૪૩ | ૦૦૧ થી ૧૩૮ | ચમારવાસ, વાલ્મિકીવાસ, ભરદરીયા બોરનો આજુબાજુનો એરીયા, ચમારવાસ આજુબાજુનો એરીયા |
| | ૨૩ | ૪ | ૦ | ૧૧૪ | ૦૦૧ થી ૧૨૧ | મોટી વાણીયાવાડ, સુસરીયા માઢની બહારના મકાનો, માંકાદેવચંદની ખડકી, રોડ ઉપરની દુકાનો, હોળીચકલાનો અંદરનો ભાગ |
| | ૨૬ | ૦ | ૦ | ૨૭૫ | ૦૦૧ થી ૧૧૯ | રોડ ઉપરની દુકાનો, હિરાણીનો માઢ, મોરારદાસનો માઢ, રોડ ઉપરના મકાનો, કેવળપરીનો મઠ, રોડ ઉપરના મકાનો |
| | | ૯૭૫ | ૯ | ૨૪૩૮ | | |

વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :

ચાણસ્મા નગરપાલિકાના વોર્ડ નંબર-૩ ના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં-૨૫૫થી ઉત્તર તરફ આગળ વધી રે.સ.નં-૨૬૮ થી પશ્ચિમ પૂર્વ તરફ આગળ વધી રે.સ.નં-૨૬૬થી દક્ષિણ તરફ આગળ વધી રે.સ..નં-૨૪૭ થઈ રે.સ..નં-૧૮૭ થી પૂર્વ તરફ આવેલ રે.સ.નં-૮૮ થી દક્ષિણ તરફ રેલ્વે લાઇન ક્રોસ કરી રે.સ.નં-૭૮ થી આગળ વધી રે.સ.નં-૭૫ થી પૂર્વ થી પશ્ચિમ તરફ આગળ વધી રે.સ.નં-૪૬થી આગળ વધી રે.સ.નં-૪૦ થી આગળ વધી રેલ્વે લાઇન ક્રોસ કરી વાલ્મિકીવાસ થઈ સુસરિયા માઢથી મોટી વાણિયાવાસના ઉત્તર તરફ આગળ વધી બુદ્ધિયાંવાસથી આગળ વધી રે.સ.નં-૧૨થી ઉત્તર તરફ થઈ આગળ વધીને રે.સ.નં.૧૬૯ થી આગળ વધી રે.સ.નં-૨૨૬ થી આગળ વધી વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં-૨૫૫ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર

# ચાણસ્મા નગરપાલિકા, જિલ્લો પાટણ

## વોર્ડ નં.૪

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૨૪ | ૦ | ૦ | ૨૪૧ | ૦૦૧ થી ૧૩૧ | નાની વાણીયાવાડ, રોડ ઉપરની દુકાનો, કાઝીમિયાંનો માઢ, ચાણસ્મીયાવાસ |
| | ૨૭ | ૦ | ૦ | ૨૮૪ | ૦૦૧ થી ૧૦૮ | જૂનું રામજી મંદિર, આજુબાજુની દુકાનો, રાવળવાસ, દેનાબેન્ક આજુબાજુ મકાનો, વજીફાનો માઢ, માઢની બહાર દુકાનો, મકાનો |
| | ૨૮ | ૯ | ૮ | ૫૬૬ | ૦૦૧ થી ૧૨૫ | વણારસીપુરા, જેતાપુરા, માધાપુરા, રોડ ઉપરના મકાનો, દુકાનો, ઘોડાલીયું, નવીન પોલીસ ક્વાટર્સ, શિશુમંદિર, પી.પી.હાઈસ્કૂલ, તાલુકા ક્વાટર્સ |
| | ૩૧ | ૦ | ૦ | ૨૮૮ | ૦૦૧ થી ૧૩૯ સુધી | ગૌરવપથ આજુબાજુનો વિસ્તાર, પશુદવાખાનું, નાનો દેવીપૂજકવાસ, રબારીવાસ, પાંજરાપોળ રોડની દુકાનો, પાંજરાપોળ રોડ ઉપરની દુકાનો |
| | ૩૨ | ૦ | ૦ | ૩૪૯ | ૦૦૧ થી ૧૧૨ | કોટવાડીયાપુરા, ઢોલાવાસ, રબારીવાસ, લાલેશ્વર મહાદેવ સામે, બજારની દુકાનો નગરપાલિકા નીચે |
| | ૩૩ | ૯ | ૧ | ૮૬ | ૦૦૧ થી ૫૭ | ધનાપુરા, મેણાવાસ તથા રોડ ઉપરની દુકાનો, કારકુન ચાલી |
| | ૩૪ | ૦ | ૧૦ | ૨૬૧ | ૦૦૧ થી ૧૨૯ | નગીનપુરા, ગર્લ્સ હાઈસ્કૂલ, બ્રાહ્મણી માતા મંદિર આજુબાજુની દુકાનો, મંગળાપુરા, જોગીઓનો વાસ, રોડ ઉપરની દુકાનો, નવો સુથારવાસ, પ્રતાપભુવન |
| | ૩૭ | ૦ | ૪ | ૮૧૪ | ૦૦૧ થી ૨૦૦ | ઇન્દિરાનગર, નવચેતન હાઈસ્કૂલ, શંકર સોસાયટી |
| | | ૧૮ | ૨૩ | ૨૮૮૯ | | |

## વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :

ચાણસ્મા નગરપાલિકાના વોર્ડ નંબર-૪ ના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં.૪૧૦થી શરૂ કરી ઉત્તર તરફ રે.સ.નં-૪૦૯ થી રે.સ.નં-૩૯૭ ઇન્દિરાનગરથી શંકર સોસાયટીથી દક્ષિણ તરફ ઢોલાવાસ, કોટવાડિયાપુરાથી આગળ વધી વજીફાના માઢથી નાની વાણિયાવાડ, કાઝીમિયાંનો માઢ, ગોગાવાસથી આગળ વધી રાવળવાસથી આગળ વધી વારાણસીપુરા થઈ ધોડાલિયા વિસ્તાર આવરી લઇ પાલીસ કવાટર્સવાળો વિસ્તાર આવરી લઇ કારકુન ચાલી તથા સીટી સર્વે ઓફિસ વિસ્તાર આવરી લઇ ઉત્તરે કુમાર પ્રાથમિક શાળા નં.૨વાળો વિસ્તાર આવરી લઇ રે.સ.નં.૪૧૨૩ આવરી લઇ રે.સ.નં.૪૧૩ ની હદે હદે રે.સ.નં.૪૧૦ ની હદ સુધી સમાવિસ્ટ તમામ વિસ્તાર.

# ચાણસ્મા નગરપાલિકા, જિલ્લો પાટણ

## વોર્ડ નં.૫

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | ૮ | ૦ | ૦ | ૬૩૭ | ૦૦૧ થી ૧૭૨ | ભરદરિયા, સુરાણી વાડી આજુબાજુ વિસ્તાર, હીરાકશરાનું પરૂ, પટેલ પાર્ક, શિવા જોઈતાનું પરૂ, મૂળજીપુરા મોતીપુરા, અંબિકા સોસાયટી, હીરાણી સોસાયટી, પટેલ સોસાયટી અને તેની બાજુનો વિસ્તાર |
| | ૯ | ૦ | ૧ | ૪૫૪ | ૦૦૧ થી ૧૭૪ | કોમર્શિયલ બેન્ક, ભાનાણીની ઓળ, અલ્કાપુરી સોસાયટી, સામાણીના માઢ બહારનો વિસ્તાર, સામાણીનો માઢ, રોડ ઉપરની દુકાનો, ભારતી સોસાયટી, મધુવન સોસાયટી, આજુબાજુના કારખાના, વાડામાં મકાનો, તિજોરી કબાટના કારખાનાવાળો વિસ્તાર, રેલ્વેનાળાના બાજુમાં મકાનો તથા દુકાનો |
| | ૧૦ | ૦ | ૪ | ૫૦૬ | ૦૦૧ થી ૧૫૭ | સિનેમા રોડ ઉપરની દુકાનો, જૈન સોસાયટી, કૃષ્ણ કો.ઓ.હાઉસીંગ સોસાયટી |
| | | | | | | રોડ ઉપરની દુકાનો, સામાણી સોસાયટી, વજીફા સોસાયટી |
| | ૧૧ | ૦ | ૪ | ૨૫૨ | ૦૦૧ થી ૧૮૦ | રેલ્વે સ્ટેશન એરીયા, જૂનું માર્કેટયાર્ડ, જૈન વિધાવાડી |
| | ૧૨ | ૦ | ૦ | ૪૬૨ | ૦૦૧ થી ૧૨૬ | વજીફા સોસાયટી, સિનેમા રોડ ઉપરની દુકાનો, કૃષ્ણકુંજ સોસાયટી |
| | | | | | | રોડ ઉપરની દુકાનો, જુથધાણી, રોડ ઉપરની દુકાનો, સથવારાવાસ, સથવારાવાસની બાજુમાં |
| | ૧૩ | ૦ | ૦ | ૪૫૨ | ૦૦૧ થી ૧૪૮ | રોડ ઉપરની દુકાનો, ખોડિયાલપૂરા, સામાણીની ઓળ, રૂપાણીની ઓળ, રામાપુરા |
| | | ૦ | ૯ | ૨૭૬૩ | | |

**વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :**

ચાણસ્મા નગરપાલિકાના વોર્ડ નંબર-૫ ના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં.-૧૨૮૪થી શરૂ કરી આગળ જતાં રે.સ.નં-૧૧૧૨, રે.સ.નં-૧૨૪૬, રે.સ.નં-૧૨૧૭થી રે.સ.નં-૧૨૧૫ તરફ આગળ વધી રેલ્વે લાઇન ક્રોસ કરી જીન આગળ પસાર થઈ દક્ષિણ તરફ રે.સ.નં-૧૯૮૬ થઈ  દક્ષિણ આગળ વધી રે.સ.નં.૧૯૨૫, ૧૮૮૦,૧૮૨૫ થી દક્ષિણ તરફ આગળ વધી  રે.સ.નં.૧૮૨૧ થઈ પશ્ચિમ તરફ  રે.સ.નં.૧૮૧૯,૧૮૧૮ થઈ રે.સ.નંબર-૧૮૧૫ થી ઉત્તર તરફ આગળ વધી રે.સ.નં.૧૭૯૬ થઈ રે.સ.નં.૧૭૫૫, ૧૭૨૪, ૧૬૨૩ થઈ પશ્ચિમ તરફ રે.સ.નં.૧૫૭૦ થી દક્ષિણ  તરફ રે.સ.નં.૧૫૬૫થી રેલ્વે લાઇન ક્રોસ કરી રે.સ.નં-૧૫૧૭ થી પશ્ચિમ તરફ આગળ વધી રેલ્વે લાઇન ક્રોસ કરી રે.સ.નં-૧૨૯૫ થઇ વાયવ્ય ઈશાન ખૂણા તરફ રે.સ.નં.૧૦૪૭ થી આગળ વધી વાયવ્ય ખૂણામાં આવેલ રે.સ.નં-૧૨૮૪ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર

## ચાણસ્મા નગરપાલિકા, જિલ્લો પાટણ

### વોર્ડ નં.૬

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૧૪ | ૦ | ૦ | ૪૨૩ | ૦૦૧ થી ૧૨૫ | ખુશાલપ્રાગજીનો માઢ, સવડિયાનો માઢ , લણવાડિયાની ઓળ, ટેંબાવાસ |
| | ૧૫ | ૦ | ૦ | ૩૦૬ | ૦૦૧ થી ૯૫ | ભુલાપુરા તથા રોડ ઉપરના મકાનો, રૂપાણીપુરા, ઉપલી ઓળ, વિસનગરા સુથારનો માઢ, આજુબાજુનો વિસ્તાર |
| | ૧૬ | ૦ | ૦ | ૩૩૦ | ૦૦૧ થી ૧૨૭ | કાનદાસપુરા, કાનદાસપુરાનો ઢાળ, દુકાનો, સામાણી ચકલો, જેઠામાઘેવાનો માઢ |
| | ૧૭ | ૦ | ૦ | ૪૧૭ | ૦૦૧ થી ૧૨૯ | બેચર રામસંગની નવેળી, નથ્થું માનસંગની નવેળી, રતનજીનો માઢ, નવોવંડો, બોખલો વંડો, સમાણીની બારી, રૂપાણીનો માઢ |
| | ૧૮ | ૦ | ૦ | ૨૯૬ | ૦૦૧ થી ૧૦૪ | જેકરણદાસનો માઢ, ગુલાબ નારણદાસનો માઢ, લવારની ખડકી, ભટ્ટની ખડકી, ભાનાણીની બારી, ભગાબારોટનો માઢ |
| | ૧૯ | ૦ | ૦ | ૨૫૫ | ૦૦૧ થી ૧૦૫ | હોળીચકલો, કાનજીવ્યાસનો માઢ, ઉમેદશંભુદાસનો માઢ, મહેસાણિયાની ખડકી, રોડ ઉપરની દુકાનો, મૂળચંદ હીરાનો માઢ |
| | ૨૦ | ૦ | ૪ | ૧૭૫ | ૦૦૧ થી ૭૫ | તલાટીનો માઢ, મહેતાની ખડકી, ઊંડીફળી, રસ્તા ઉપરના મકાનો, જોરાહેમરાજનો માઢ, રસ્તા ઉપરના મકાનો, જેઠાવસરાજનો માઢ, રસ્તા ઉપરના મકાનો |
| | ૨૧ | ૦ | ૦ | ૨૬૯ | ૦૦૧ થી ૧૧૫ | ભાવસારવાસ, રોડ ઉપરની દુકાનો, ઘાંચીવાસ, રામજીમંદિર, રૂપાણીની બારી, રામજીમંદિર પાછળનો ભાગ, નાગરપટેલનો માઢ, ઉગમણા દરવાજા બહારની દુકાનો |
| | ૨૨ | ૦ | ૦ | ૧૨૯ | ૦૦૧ થી ૧૧૭ | ગામીની ખડકી, મહેતાની ખડકી, દરજી ખડકી, જૈનવાડી મકાનો, જીવરાજ વારાણસીનો માઢ, રબારીવાસ, બજારની દુકાનો, જૈન દેરાસરબાજુની દુકાનો |
| | | ૦ | ૪ | ૨૬૦૦ | | |

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :

ચાણસ્મા નગરપાલિકાના વોર્ડ નંબર-૬ ના વાયવ્ય ખૂણે આવેલ તલાટીના માઢથી આગળ વધી રબારીવાસ,
નાની વાણિયાવાડ, રામજીમંદિરથી દક્ષિણ તરફ આગળ વધી રેલ્વે લાઇન ક્રોસ કરી રે.સ.નં.-૧૪૧૬ થઈ
દક્ષિણ તરફ રે.સ.નં-૧૯૯૬થી આગળ વધી પૂર્વ તરફ રે.સ.નં-૨૧૭૫ થી આગળ વધી રે.સ.નં-૨૬૪૮, રે.સ.નં-
૨૬૦૩ આગળ વધી રે,સ.નં-૨૫૬૧નો વિસ્તાર આવરી લઇ પૂર્વ તરફ આગળ વધી રે.સ.નં-૨૫૬૦થી દક્ષિણ
તરફ આગળ વધી રે.સ.નં-૨૪૯૩થી પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં-૨૩૬૭ થી બેચરાજી હાઇવે ક્રોસ કરી
રે.સ.નં-૨૨૪૮ તરફ આગળ વધતાં રે.સ..નં-૨૧૦૦,૨૦૯૫,૨૦૯૨ થી ઉત્તર તરફ આગળ વધી રે.સ.નં-
૨૦૬૩થી આગળ વધી રે.સ.નં-૧૯૯૬થી આગળ વધી ખુશાલપ્રાગજીન માઢ, રૂપાણીપુરાથી તલાટીના માઢ
સુધીનો તમામ સમાવિષ્ટ વિસ્તાર.

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધનગર

# અનુસૂચિ–૨

## રાજય ચૂંટણી આયોગ
## ગુજરાત રાજય
## ગાંધીનગર

| | | |
|---|---|---|
| **ચાણસ્મા** નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | ૧૫૯૩૨ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૬ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૨૬૫૫ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબઃ ૨૯૨૧<br>સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૨૩૯૦ |
| બેઠકોની સંખ્યા | ૨૪ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૧૨ | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૩ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે. |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૦ | તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી. |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૨ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે. |
| કુલ અનામત બેઠકો | ૧૫ | |
| સામાન્ય બેઠકો | ૯ | |

| અ. નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨૫૫૭ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૨ | ૨ | ૨૬૮૫ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૩ | ૩ | ૨૪૩૮ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૪ | ૪ | ૨૮૮૯ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૫ | ૫ | ૨૭૬૩ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૬ | ૬ | ૨૬૦૦ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| | કુલ | ૧૫૯૩૨ | | | | |

(મહેશ જોશી)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર